**-:નમુનો-અ:-**

આંક-

| |
|---|
| **જામનગર જિલ્લાના મહેરબાનશ્રી એડીશનલ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં** |
| **મુકામ: જામનગર** |
| **ચુકાદાની તારીખ :૩૦/૦૭/૨૦૨૬** |
| **ફોજદારી કેસ નં. : ૫૬૨૯/૨૦૨૦** |

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **આઈ.પી.સી કલમ-૩૨૩ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ...** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | II-૧૯૨/૧૯ |
| પોલીસ સ્ટેશન | સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.એન.ત્રીવેદી |
| આરોપીપક્ષ | **રમેશરાજ રામરાજ યાદવ,**<br>ઉંમર-૪૨, ધંધો-ડ્રાઈવીંગ,<br>રહે.-નવાગામ ઘેડ,માસ્તર સોસાયટી, જામનગર. |
| રજુઆત | આરોપી તરફે વકીલ શ્રી જે.એસ.સુરડીયા |

**-:નમૂનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૧૧/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૧૧/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૧૦/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | - |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો બી.એન.એસ. ની કલમ-૩૫૧ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રમેશરામ રામરાજ યાદવ | ૧૩/૧૧/૨૦૧૯ | ૧૪/૧૧/૨૦૧૯ | આઇ.પી.સી.. કલમ-૩૨૩ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | જયેશભાઇ અમૃતલાલ ચાૈહાણ | પંચ |
| ફ.સા. ૨ | ઉષાબા પ્રવીણસિંહ પરમાર | દા.ક.અ. |
| ફ.સા. ૩ | રાજુભાઇ પુનાભાઇ રોડીયા | પંચ |
| ફ.સા. ૪ | સુરજભાઇ શીવમંગલભાઇ ભગત | સાહેદ |
| ફ.સા. ૫ | રેખાસિંઘ રાજકુમારસિંઘ યાદવ | ફરિયાદી |
| ફ.સા. ૬ | ડો.સુનીલ રામેશ્વર પ્રસાદ | ડો.સાહેદ |
| ફ.સા. ૭ | કીર્તીબેન કાનજીભાઇ નારીયા | ત.ક.અ. |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | પંચ–જયેશભાઇ અમૃતલાલ ચાૈહાણની જુબાની |
| ૨ | ૦૬ | પંચનામું |
| ૩ | ૧૬ | દા.ક.અ.–ઉષાબા પ્રવીણસિંહ પરમારની જુબાની |
| ૪ | ૧૮ | પંચ–રાજુભાઇ પુનાભાઇ રોડીયાની જુબાની |
| ૫ | ૧૯ | પંચનામું |
| ૬ | ૨૧ | સાહેદ–સુરજભાઇ શીવમંગલભાઇ ભગતની જુબાની |
| ૭ | ૩૪ | ફરિયાદી– રેખાસિંઘ રાજકુમારસિંઘ યાદવની જુબાની |
| ૮ | ૩૫ | ફરિયાદ |
| ૯ | ૩૮ | ડો.સાહેદ–ડો.સુનીલ રામેશ્વર પ્રસાદની જુબાની |
| ૧૦ | ૩૯ | ઇન્જરી સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૧૧ | ૪૦ | સંયુકત સારવારના કાગળો |
| ૧૨ | ૬૩ | ત.ક.અ.– કીર્તીબેન કાનજીભાઇ નારીયાની જુબાની |
| ૧૩ | ૬૪ | જાહેરનામાની ખરીનકલ |

**::-ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો ,આ કામના આરોપીએ ફરિયાદી સાથે જુનો ખાર રાખી ઝપાઝપી કરી હોકી વડે હાથના ભાગે સાદી ઇજા પહોંચાડી મે.જિલ્લા મેજી.શ્રી જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ II-૧૯૨/૨૦૧૯ ના આઈ.પી.સી કલમ–૩૨૩ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હોનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતા જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્ઝરીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક–૦૫** ગુન્હો અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈનકાર કરેલ. ત્યારબાદ ફરીયાદપક્ષનો નીચે મુજબનો પુરાવો લેવામા આવેલ.

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૫ | પંચ–જયેશભાઇ અમૃતલાલ ચાૈહાણની જુબાની |
| ૨ | ૦૬ | પંચનામું |
| ૩ | ૧૬ | દા.ક.અ.–ઉષાબા પ્રવીણસિંહ પરમારની જુબાની |
| ૪ | ૧૮ | પંચ–રાજુભાઇ પુનાભાઇ રોડીયાની જુબાની |
| ૫ | ૧૯ | પંચનામું |

| | | |
|---|---|---|
| ૬ | ૨૧ | સાહેદ–સુરજભાઇ શીવમંગલભાઇ ભગતની જુબાની |
| ૭ | ૩૪ | ફરિયાદી– રેખાસિંઘ રાજકુમારસિંઘ યાદવની જુબાની |
| ૮ | ૩૫ | ફરિયાદ |
| ૯ | ૩૮ | ડો.સાહેદ–ડો.સુનીલ રામેશ્વર પ્રસાદની જુબાની |
| ૧૦ | ૩૯ | ઇન્જરી સર્ટીફીકેટ |
| ૧૧ | ૪૦ | સંયુકત સારવારના કાગળો |
| ૧૨ | ૬૩ | ત.ક.અ.– કીર્તીબેન કાનજીભાઇ નારીયાની જુબાની |
| ૧૩ | ૬૪ | જાહેરનામાની ખરીનકલ |

**(૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે માૈખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે.

**(૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મોંખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મોંખીક દલીલો સાંભળી. તેઓએ અનુક્રમે આરોપીને તકસીરવાન ઠરાવી સજા ફરમાવવા તથા નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હીકકત નિ:શકપણે પુરવાર કરે છે કે , આ કામના આરોપીએ ફરિયાદી સાથે જુનો ખાર રાખી ઝપાઝપી કરી હોકી વડે હાથના ભાગે સાદી ઇજા પહોંચાડી મે.જિલ્લા મેજી.શ્રી જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ II-૧૯૨/૨૦૧૯ ના **આઈ.પી.સી કલમ–૩૨૩ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧)**શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**-::કારણો::-**

**૬.મુદ્દા નં:૧**

**(૬.૧) પંચઃ-**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્ધારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૦૫** થી **પંચ** જયેશભાઇ અમૃતલાલ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક-૦૬** વાળા પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે , તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. તેમજ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી **આંક-૦૬** વાળું પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૬.૨)દા.ક.અ.:-**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્ધારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૧૬** થી દા.ક.અ. ઉષાબા પ્રવિણસિંહ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે , ગઇ તા. ૧૨/૧૧/૨૦૧૯ ના રોજ તેઓ કલાક ૧૩:૦૦ થી ૨૧:૦૦ સુધી સીટી બી ડીવી.પો.સ્ટે.માં પી.એસ.ઓ.ચાર્જમાં હતા તે દરમ્યાન કલાક ૧૯:૦૦ વાગ્યે ફરિયાદી રેખાબેન રાજકુમાર યાદવની ફરિયાદ એ.એસ.આઇ.કે.કે.નારીયાનાઓએ તેઓના રૂબરૂ લીધેલ જે તેઓને સોંપતા તેઓએ તે ફરિયાદ સેકન્ડ ગુ.ર.નં.૧૯૨/૨૦૧૯ આઇ.પી.સી.૩૨૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ થી નોંધી ગુન્હો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ એ.એસ.આઇ.કે.કે.નારીયાઓને સોંપેલ અને તેની સ્ટેશન ડાયરીમાં ૧૫/૧૯ થી નોંધ કરેલ. તેઓને કોર્ટ રેકર્ડમાંથી સી.આર.પી.સી. -૧૫૪ નું ફોર્મ બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓ.તરીકે તેમ ની સહી છે.

બચાવપક્ષ દ્બારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, આ કામે તેઓએ માત્ર ફરિયાદનો ગુન્હો રજીસ્ટર્ડ કરેલ અને આગળની તપાસ એ.એસ.આઇ.કે.કે.નારીયાઓને સોપેલ. તેઓ કબુલ કરતા જણાવે છે કે , બનાવ અંગે તેઓને કોઇ જાત–માહિતી નથી.

**(૬.૩)પંચ:–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્બારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૧૮** થી **પંચ** રાજુભાઇ પુનાભાઇ રોરીયાને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૧૯** વાળા પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે , તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. તેમજ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી **આંક–૧૯** વાળું પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૬.૪) સાહેદ:–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્બારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૨૧** થી સાહેદ સુરજભાઇ શીવમંગલભાઇ ભગતને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ,બનાવ વર્ષ ૨૦૧૯માં બનેલ. બનાવ માસ્તર સોસાયટીમાં બનેલ અને તે વખતે તેઓ ત્યાં હાજર હતા. રેખાબેન જયારે ચાલીને આવતા ત્યારે રમેશ યાદવે તેના પર ધોકા વડે હુમલો કરેલ.મ જેથી ત્યાં ઘણા બધા લોકો ભેગા થઇ ગયેલા. વધુમાં તેઓ જણાવે છે કે રેખાબેનને આખા શરીરે રમેશ યાદવે માર મા રેલો. જેથી તેઓ તેમને તેમના બાઇકમાં જી.જી.હોસ્પીટલે લઇ ગયેલ ત્યાં રેખાબેનની સારવાર કરવામા આવેલી. ત્યારબાદ તેઓ અને રેખાબેને ફરિયાદ કરેલી. વધુમાં તેઓ જણાવે છે કે પોલીસે તેમનું નિવેદન લીધેલું અને આરોપીને તેઓ ઓળખે છે. આજરોજ આરોપી હાજર નથી.

બચાવપક્ષ દ્બારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ જણાવે છે કે, તેઓને એ વાત યાદ નથી કે,'' રેખાબેન જયારે ચાલીને આવતા હતા ત્યારે રમેશ યાદવે તેના પર ધોકા વડે હુમલો કરેલ'' આવી હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ છે કે કેમ. તેમજ તેઓને એ વાત યાદ નથી કે, રેખાબેનને આખા શરીરે રમેશ યાદવે માર મારેલો આવી હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ કે કેમ. તેમજ તેઓએ એ વાત યાદ નથી કે,'' તેઓ તેમને તેમના બાઇકમાં જી.જી.હોસ્પીટલે લઇ ગયેલા'' આવી હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ છે કે કેમ.

ત્યારબાદ તેઓ કબુલ કરતા જણાવે છે કે , આ કામના ફરિયાદીના પતિ તેના અંગત મિત્ર છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે તેઓ ફરિયાદીને પોલીસ સ્ટેશને લઇ ગયેલા ત્યારે પોલીસે માત્ર ફરિયાદીની પુછપરછ કરેલ હતી. સાહેદ વિશેષમાં જણાવે છે કે , પોલીસે તેની પણ પુછપરછ કરેલ અને માત્ર બનાવ નજરે જોયેલ કે કેમ તે બાબતે પુછપરછ કરી તેમને બહાર બેસાડેલ. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે , પોલીસે માત્ર તેનું નામ–સરનામુ પુછેલ તે સીવાય કોઇ હકિકત પુછેલી નહી . તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , હાલનો બનાવ નજરે જોયેલ ન હોય તેમ છતાં આજરોજ કોર્ટમાં ખોટી જુબાની આપે છે.

**(૬.૫) સાહેદ:–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૩૪** થી સાહેદ રેખાસિંઘ રાજકુમારસિંઘ યાદવને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ,તેના પરિવારમાં તેઓ તથા તેમના પતિ તથા ત્રણ બાળકો છે. તેમના પતિ આર્મીમાં નોકરી કરે છે.બનાવ વખતે તેઓ જામનગરમાં રહેતા હતા અને બનાવ વર્ષ ૨૦૧૯માં બનેલો.બનાવ વખતે તેઓ તથા તેમના બાળકો શાકભાજી લેવા નીકળેલ હતા તે સમયે રમેશ યાદવે તેઓએ લાકડી વડે તેને શરીર પર,પીઠ ઉપર તથા હાથ ઉપર માર મારેલ હતો.ત્યારબાદ તેઓએ આરોપી સામે ફરિયાદ કરેલી.તેઓને કોર્ટ રેકર્ડમાંથી ફરિયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક –૩૫ આપવામાં આવેલ છે.બનાવનું કારણ તેને ખબર નથી.બનાવ અચાનક જ તેઓ બહાર નીકળેલા અને આરોપીએ તેમને માર મારેલ.આરોપીને ઓળખે છે આજરોજ કોર્ટમાં હાજર નથી.આજરોજ તેને મુદામાલ પાવતી નં.૧૬૯/૧૯ ના કામે રજુ થયેલ મુદામાલ આર્ટીકલ નં.૧ બતાવવામાં આવે છે. જે જોઇને કહે છે કે બનાવ વખતે આજ લાકડી આરોપીના હાથમાં હતી.બનાવમાં થયેલ ઇજાની સારવાર તેઓએ જી.જી.હોસ્પીટલમાં લીધેલી.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે ,લાકડી અને હોકી સ્ટીક બંને અલગ અલગ હોય છે .તેઓ કબુલ કરતા જણાવે છે કે, લાકડીનો ઉલ્લેખ તેની ફરિયાદમાં કયાંક કરેલ નથી . વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે , રમેશભાઇ તેના પાડોશી હતા તેથી તેને ઓળખે છે.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , તેના બાળકો વારંવાર રમેશભાઇના ઘરે જઇ તોફાન કરતા હોય જેથી રમેશભાઇ તેઓને વારંવાર ઠપકો આપતા હોય જેનો ખાર રાખી આરોપી વિરુદ્દ્ય ખોટી ફરિયાદ કરેલી છે. ત્યારબાદ તેઓ કબુલ કરતા જણાવે છે કે ,તેઓને શરીર ઉપર,પીઠ ઉપર તથા હાથ ઉપર માર મારેલ હતો આવી કોઇ હકીકતે તેની પોલીસ રૂબરૂની ફરિયાદમાં લખાવેલ નથી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે ,

સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**<u>(ક.ક)ડો.સાહેદ:-</u>**

ફરીયાદપક્ષે **આંક-૩૮** થી **ડો.સાહેદ** ડો. સુનીલ રામેશ્વર પ્રસાદને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ,તેઓ જી.જી.હોસ્પીટલ જામનગર કેજયુલીટી વિભાગમાં તેની ફરજ પર હતા. તેઓ તા. ૧૨/૧૧/૨૦૧૯ ના રોજ બપોરે ૧ -૧૦ વાગ્યે જી.જી.હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા. તે દરમ્યાન દર્દી રેખાબેન રાજકુમાર યાદવ નામના વ્યકિત તેની પાસે પોલીસ યાદી વગર આવેલ અને દર્દિએ <u>હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે, તા. ૧૨/૧૧/૨૦૧૯ ના રોજ તે દિવસે અડધો કલાક પહેલા રમેશ રામરાજ યાદવે તેના ઉપર હોકી સ્ટીક વડે તેના ઘરે હુમલો કરેલ હતો</u> .દર્દીના ચેકઅપ દરમ્યાન તેને જોવા મળેલ કે,

૧.ડાબી બાજુ ખભાની નીચે ૧૫x૪ સેમી.લાલ રંગનો ચકામો હતો જે લોહી મરી જવાના કારણે થયેલ હતો.

૨. ડાબા હાથના અંગુઠામાં દુ:ખાવાની ફરિયાદ હતી અને કોણીના નીચેના ભાગે હાથ ઉપર ૫x૪ સેમીનો લાલ રંગનો ચકામો હતો.

૩. જમણા હાથમાં ખભાના નીચેના ભાગે ૨૦x૨ સેમી.બહારના ભાગે લાલ રંગનો ચકામો હતો.

૪. જમણા હાથના કાંડા ઉપર લાલ રંગના ઘણા બધા ઉઝરડા હતા.

૫. ડાબી બાજુ પીઠના ઉપરના ભાગે લાલ રંગનો ચકામો હતો.

ત્યારબાદ દર્દીને વધુ સારવાર માટે હાડકા વિભાગમાં સારવાર અર્થે રીફર કરેલા હતા. સારવાર કરનાર ડોકટરોએ કરાવેલ એકસરે રીપોર્ટ નોર્મલ જણાવેલ હતા. જે દર્દીનું ઇન્જરી સર્ટી એમ.એલ.સી.સર્ટી નં.-૧૦૦૨૧/૨૦૧૯ તેની સાથે લાવેલ છે. જેને રજુ દાખલ આંક -૩૯ આપવામાં આવેલ છે તથા સાથે સારવારના કાગળોને સંયુકત આંક-૪૦ આપવામાં આવેલ છે.ઉપરોકત દર્દીને થયેલ ઇજાઓ કઠણ અને બોથડ પદાર્થ લાગવાથી થઇ શકે છે.

બચાવપક્ષ દ્વારા સદર સાહેદને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે ,દર્દીને થયેલ ઇજાઓ સામાન્ય પ્રકારની હતી અને પડી જવાથી થઇ શકે તેવી હતી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે, ફરિયાદીને તેની પાસે કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , તેણે તેની જાતે હીસ્ટ્રી લખી લીધેલી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , દર્દીએ જણાવેલ ઇજાઓ સ્ટીકથી થઇ શકે નહી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૬.૭)તપાસ કરનાર અમલદાર :-**

ફરીયાદપક્ષે **આંક-૬૩** થી **ત.ક.અ** કીર્તીબેન કાનજીભાઇ નારીયાને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,ગઇ તા. ૧૨/૧૧/૨૦૧૬ ના રોજ તેઓ સીટી બી ડીવી.પો.સ્ટે.માં એ.એસ.આઇ.તરીકે ફરજમાં હાજર હતા ત્યારે ફરિયાદી રેખાબેન રાજેશકુમાર યાદવ રે.નવાગામ ઘેડ ,માસ્તર સોસાયટીવાળા દ્વારા ઇ.પી.કો.કલમ-૩૨૩ તથા જી.પી.એકટ-૧૩૫ વિ.ના ગુનાની ફરિયાદ તેના રૂબરૂ આપેલ જે દાખલ કરવામાં આવેલ. તેને ફ.ગુ.ર.નં.૧૯૨/૧૯ થી દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લઇ તેઓએ બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ.તેને કોર્ટ રેકર્ડમાંથી આંક -૦૬ વાળુ પંચનામું બતાવવામાં આવે છે.જેમાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે.તેને કોર્ટ રેકર્ડમાંથી આંક-૩૫ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જેના આધારે તેઓએ સમગ્ર કેસની તપાસ કરેલ છે તે જ છે તેમજ લાગતા વળગતા સાહેદના નિવેદનો નોંધેલ.તેઓએ તા. ૧૩/૧૨ા/૨૦૧૯ ના રોજ સાહેદ સુરજસિંહ મંગલ ભગતનું તપાસના કામે નિવેદન નોંધેલ.જેઓએ ઉપરોકત ફરિયાદીની ફરિયાદને સમર્થનકારી નિવેદન લખાવેલ તેમજ આંક-૩૯ વાળુ ફરિયાદીનુ સારવાર સર્ટી મેળવેલ અને તપાસના કામે રજુ રાખેલ અને તેને આંક-૧૯ વાળુ મુદામાલ કબજે કર્યાનું અને આરોપી અટક કર્યાનું પંચનામું બતાવવામાં આવે છે જે તેઓ તથા બે પંચોની હાજરીમાં થયેલ છે તે જ છે અને આરોપીને ધોરણસર અટક કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીને જોયેથી ઓળખે છે આજરોજ કોર્ટમાં હાજર નથી.તેઓને કોર્ટ રેકર્ડમાંથી તા. ૦૯/૧૧/૨૦૧૯ ના રોજનુું હથીયારબંધીનું જાહેરનામું ક્રમાંક -ડી.એમ.હથીયારબંધી/૦૯૧૧/૨૦૧૯ બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે રજુ રાખેલ છે તે જ છે.જેને રજુ દાખલ આંક -૬૪ આપવામાં આવેલ છે.

બચાવપક્ષ દ્વારા સદર ત.ક.અને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે,હાલના કામે કબજે લીધેલ મુદામાલ જેવી હોકી બજારમાં સામાન્ય રીતે મળી શકે.તેઓ કબુલ કરતા જણાવે છે કે, તપાસના કામે ફરિયાદીએ સામાન્ય પ્રકારની ઇજા થયેલી તેવું ખુલવા પામેલુ. તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે, તેને તૈયાર પંચનામામાં પંચોની સહી કરાવેલી. તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે ,આ કામે આરોપીને ખોટી રીતે અટક કરી ખોટું પંચનામું કરેલ છે. તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ નહીં પરંતુ જાતે લખેલ છે.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

.

**૭. પુરાવાઓનું મુલ્યાંકન**

**(૭.૧)** હાલના કામે આરોપી વિરુદ્ધ આ કામના આરોપીએ ફરિયાદી સાથે જુનો ખાર રાખી ઝપાઝપી કરી હોકી વડે હાથના ભાગે સાદી ઈજા પહોંચાડી મે.જિલ્લા મેજી.શ્રી જામનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ II-૧૯૨/૨૦૧૯ ના **આઈ.પી.સી કલમ–૩૨૩ તથા જી.પી એકટ કલમ–૧૩૫(૧)** મુજબના ગુનાનું તહોમત લગાવવામાં આવેલું છે. તેવામાં સદર કલમના તત્વો જાણવા જરૂરી છે જે નીચે મુજબના છે.

**ઈ.પી.કો. કલમ–૩૨૩: સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોચાડવાની સજા:**

કોઈ પણ વ્યક્તિ કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય, તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**બી.પી.એક્ટની કલમ–૧૩૫**

કાયદાની કલમો ૩૭, ૩૯ કે ૪૦ મુજબ કાયદાકીય રીતે કરવામાં આવેલ કોઈપણ આદેશોનું પાલન ન કરનાર અથવા તેના પાલન ન કરવામાં મદદગારી કરનારને કલમ ૩૭ ની પેટા કલમ (૧) મુજબ કે તે આ કાયદાની કલમ ૩૯ કે ૪૦ મુજબ કરવામાં આવેલ હોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની પણ તે શિક્ષા લેખિત કારણો આપ્યા હોય તે સિવાય ચાર માસથી ઓછી હોવી જોઈએ નહી તેમજ કાયદાની કલમ ૩૭ ની પેટા કલમ (૨) મુજબ તેને એક માસ સુધીની કેદ અથવા એક સો રૂપિયા દંડ તથા કાયદાની કલમ ૩૭ ની પેટા કલમ (૩) મુજબ તેને એક માસની કેદ કે એક સો રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.

**(૭.૨)** તેવામાં હાલના કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરવામાં આવે તો હાલના કામે આંક:૧૬ થી ફરિયાદ દાખલ કરનાર અમલદાર ઉશાબા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ તેમના દ્વારા હાલની ફરિયાદ દાખલ કરવાની કામગીરી મુજબની જુબાની આપેલી છે. તેમજ તેઓએ તેમના ઉલટ તપાસમાં કબુલ કરતા જણાવેલ છે કે તેઓએ બનાવ અંગે કોઈ જાત માહિતી નથી. વધુમાં હાલના કામે આંક:૨૧ થી સાહેદ સુજભાઈ ભગતનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ મહદ અંશે ફરિયાદ હકીકતને સમર્થન કરતી જુબાની આપેલી છે. પરંતુ ઉલટ તપાસમાં તેઓએ કબુલ કરતા જનાવેલ છે કે તેઓ ફરિયાદીને પોલીસ સ્ટેશન લઇ ગયેલા ત્યારે પોલીસે માત્ર ફરિયાદીની પુછપરછ કરેલી અને પોલીસે તેમને માત્ર તેઓએ બનાવ નજરે જોયેલો

કે કેમ તે બાબતે પૂછેલું અને બહાર બેસાડેલા અને પોલીસે તેમનું માત્ર નામ સરનામું પૂછેલું તે સિવાય કશું પૂછેલું નહી. આમ, સદર સાહેદ ને પોલીસે કોઈ પુછપરછ કરેલી નથી તેવું જયારે જણાવતા હોય તેવા સમયે તેઓના પોલીસ રુબ્રુના નિવેદન તથા અદલાત રૂબરૂ ની તેમની સોગંદ ઉપરની જુબાની માં જણાવેલ હકીકતો અંગે વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલી ગણી શકાય. જેથી તેઓ એકલાની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં હાલના કામે આંક: ૩૪ થી ફરીયાદી રેખાસીંઘ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ મહદઅંશે ફરિયાદની હકીકત મુજબની જુબાની આપેલી છે. અને ત્યારબાદ તેઓએ મુદ્દામાલ પાવતી ૧૬૯/૧૯ ના કામે રજુ થયેલ મુદ્દામાલ આર્તીક્લ્મ નં:૧ લાકડી ઓળખી બતાવેલી છે. પરંતુ ઉલટ તપાસમાં તેઓએ કબુલ કરતા જણાવેલ છે કે લાકડી અને હોકી સ્ટીક બંને અલગ અલગ હોય છે . તે બાબતે હાલની ફરિયાદ જોવામાં આવે તો તેઓએ ફરિયાદમાં હોકી લખાવેલ છે જયારે કોર્ટ રૂબરૂ તેમની સરતપાસમાં લાકડી લખાવે છે તેમજ હાલના કામે રજુ મુદ્દામાલ લાકડી ને જ ઓળખી બતાવે છે જે હકીકત બનાવ વખતે ખરેખર આરોપી દ્ધારા કહેવાતી રીતે હોકી દ્ધારા માર મારવામાં આવેલો કે લાકડી દ્ધારા તેવી મુદ્દામાલ હથીયાર બાબતેની હકીકત અંગે ફરિયાદીની જુબાનીમાં અતિ ગંભીર ગણી શક્ય તેવી વિસંગતતા રેકર્ડ ઉપર આવેલી છે. વધુમાં તેઓએ કબુલ કરતા જણાવેલ છે કે તેઓને શરીર ઉપર,પીઠ ઉપર તથા હાથ ઉપર માર મારેલ હતો. આવી કોઇ હકીકતે તેની પોલીસ રૂબરૂની ફરિયાદમાં લખાવેલ નથી. આમ, જો તેઓએ ચોક્કસ જગ્યાઓ ઉપર માર મારેલો હોય તો તે હકીકત તેઓએ ચોક્કસથી તેમની ફરિયાદમાં જણાવેલ હોય પરંતુ તેવી કોઈ હકીકત જણાવેલી ન હોય તે પણ તેમની ફરિયાદ બાબતે શંકા ઉત્પન્ન કરે તેવી છે. વધુમાં તેઓએ તેમની સર તપાસમાં હાલના આરોપીએ તેમને શા કારણથી માર મારેલો તેવી કોઈ હકીકત જણાવેલી ન હોય કહેવતો બનાવ શા કારણથી બનવા પામેલો અને એવી કઈ ઘટના બનેલી કે હાલના આરોપી દ્ધારા સદર ફરીયાદી ઉપર ફરિયાદ માં જણાવ્યા મુજબ કહેવાતી રીતે હુમલો કરી ઈજા પહોચાદેલી તે હકીકત પણ સદર ફરિયાદની જુબાનીથી રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, ફરિયાદીની જુબની માં પણ ઉપર કરેલ ચર્ચા મુજબની વિસંગત તાઓ રેકર્ડ ઉપર આવેલી હોય ફક્ત તેઓ એકલાની જુબાની ઉપર આધાર રાખીને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. વધુમાં હાલના કામે આંક:૩૮ થી ડોક્ટરશ્રી સુનીલ પ્રસાદ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ તેમના દ્ધારા ઈજા પામનાર ને આપવામાં આવેલી સારવાર મુજબની જુબાની આપેલી છે. જેમાં તેઓએ ઈજા અંગે તથા ઈજા પમ્નારે લખાવેલ હિસ્ટ્રી અંગે જણાવેલ છે. જેમાં દર્દિએ હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે, તા. ૧૨/૧૧/૨૦૧૯ ના રોજ તે દિવસે અડધો કલાક પહેલા રમેશ રામરાજ યાદવે તેના ઉપર હોકી સ્ટીક વડે તેના ઘરે હુમલો કરેલ હતો પરંતુ હાલના કામની ફરિયાદ તથા આંક:૩૪ વાળી ફરિયાદ જોવામાં આવે તો તેમાં ફરીયાદીએ જણાવેલ છે કે બનાવ વખતે તેઓ તથા તેમના બાળકો શાકભાજી લેવા નીકળેલ હતા તે સમયે આરોપીએ અચાનક

તેમના ઉપર હુમલો કરેલો. આમ , ફરિયાદ તથા ફરિયાદીની જુબાનીમાં તેઓ ઘરની બહાર નીકળેલા હતા ત્યારે કહેવતો હુમલો આરોપીએ કરેલો તેવું જણાવેલ છે અને ડોક્ટર રૂબરૂ ની હિસ્ટ્રી માં તેઓએ કહેવતો બનાવ તેમના ઘરે થયેલો તેવું જણાવેલું છે. વધુમાં દોત્ર રૂબરૂ ની હિસ્ટ્રીમાં તેઓએ તેમને હોકી સ્ટીક વડે માર મારેલાનું જણાવેલું છે જ્યારે અદાલત રૂબરૂ તેઓએ લાકડી વડે માર મારેલો તેવું જણાવી લાકડી ને મુદ્દામાલ તરીકે ઓળખી બતાવેલી છે. આમ, ફરીયાદી દ્વારા જણાવેલી હિસ્ત્રીમાં પણ અતિ મહત્વની અને ગંભીર કહી શકાય તેવી વિસંગતતા રેકર્ડ ઉપર આવેલી ગણી શકાય. જેથી તે વિસંગત તાઓ વાળી હિસ્ટ્રી બાદ કરતા સદર ડોક્ટર શ્રી ની જુબાનીથી હાલના ફરીયાદી ને આંક:૩૯ વાળા સર્ટીફીકેટ તથા આંક:૪૦ વાળા સારવારના કાગળોમાં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલી હતી અને તેમની સારવાર થયેલી હતી તેવી અને તેટલી માહિતી રેકર્ડ ઉપર આવેલી ગણી શકાય . ત્યારબાદ હાલના કામે અંક:૬૩ થી તપાસ કરનાર અમલદાર કીર્તિબેન નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ તેમના દ્વારા હાલના કામે કરવામાં આવેલી તપાસ ને અનુરૂપ જુબાની આપેલી છે. વધમાં હાલના કામે આંક:૫ થી પંચ જયેશભાઈ આંક:૧૯ થી તપાસવામાં આવેલા પંચ રાજુભાઈએ આંક:૬ તથા આંક:૨૦ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલો ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા હોય તેમની જુબાનીથી સદર પંચનામા ની હકીકતો ની:શંકપણે પુરવાર થયેલી ગણી શકાય નહી. જેથી હાલના કામે બનાવ વાળી જગ્યા ની સ્થિતિ તથા હાલના કામે ખરેખર કોઈ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલો છે કે કેમ તે હકીકત પણ ની:શંક પણે પુરવાર થયેલી ગણી શકાય નહી. આમ, હાલના કામે ફરીયાદી ની જુબાની ઉપર કરેલ ચર્ચા મુજબ વિસંગત તાઓ વાળી છે તથા અન્ય સાહેદ રાજુભાઈને પોલીસે માત્ર નામ સરનામું પુછેલ છે તથા અન્ય કોઈ કહેવતો બનાવ નજરે જોયેલ સાહેદને તપાસવામાં આવેલા ન હોય તથા કહેવતો મુદ્દામાલ હથીયાર લાકડી છે કે હોકી સ્ટીક છે તે અંગે પણ વિસંગત પુરાવાઓ રેકર્ડ ઉપર આવેલા હોય અને દલીલ ખાતર માની લેવામાં આવે કે કહેવાતા બનાવ વાળા દિવસે લાકડી કે હોકી સ્ટીક નો ઉપયોગ કરવામાં આવેલો તો પણ તે દિવસે કોઈ હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હતું કે કેમ તે અંગે કોઈ સાહેદને તપાસીને કે તે ના જાહેર થયા અંગેની હકીકતો અંગે તપાસ કરનાર અમલદાર શ્રી ના પુરાવામાં રેકર્ડ ઉપર લાવવાનો ફરિયાદપક્ષ દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલો નથી જેથી હાલના કામે હાલના આરોપીએ ફરિયાદીને ફરિયાદમાં જણાવ્યા મુજબનો કહેવાતો માર મારી ઈજાઓ પહોચાડી હથીયાર બંધીના જાહેરનામાં નો ભંગ કરેલો હતો તેવી હકીકત ની:શંકપણે પુરવાર થયેલી ગણી શકાય નહી. આમ, હાલના કામે ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કામે રેકર્ડ ઉપર પડેલ પુરાવાનું સમ્પૂર્ણ રીતે અવલોકન અને મુલવણી કરવામાં આવે તો આરોપી વિરુદ્ધ લગાવવામાં આવેલ દરેક કલમોનું તહોમત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલા હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે. અને જયારે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત

છે કે ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિશંક રીતે પડેલા પુરાવાથી સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવાનું રહે છે કે આરોપી નિર્દોષ છે. અને તેનો લાભ આરોપીને આપવો જોઈએ. અને આરોપી સામેના કેસની સાબિતીનો બોજો ફરિયાદ પક્ષ ઉઠાવી શકે નહી. આમ, હાલના કેસમાં આરોપી ખરેખર સદર ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે પડેલા પુરાવાથી નિ:શંકપણે સાબિત થતું ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં: ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં ૨ માટે ન્યાય ના હિત માં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ::: આખરી હુકમ :::

**(૧)** આરોપી રમેશરામ રામરાજ યાદવનાઓને ક્રી.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો કલમ– ૩૨૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) અન્વયેના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો અથવા રૂપિયા ૧૫,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો ક્રી.પ્રો.કોડની કલમ ૪૩૭–એ લગત હુકમ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય વીત્યેથી કબજે લેવાયેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦ મી જુલાઇ સને –૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૩૦/૦૭/૨૦૨૬ [ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ]

સ્થળ:જામનગર એડી.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ

જામનગર

GJ01559

એમ.યુ.ખારેચા